## ખૂણેખાંચરેથી

- સ્માર્ટસીટીના ચેરમેન અને મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી ચારણે સ્માર્ટ સીટીને લગતી બાબતો હોય કે પછી આજે ઈઝ ઓફ લીવીંગ ઈન્ડેક્ષ અને મ્યુનિ. પરફોમન્સ ઈન્ડેક્ષ અંગે આજે યોજાયેલ પ્રેસ બ્રિફિંગમાં આવવાનું સતત ટાળી રહ્યા છે તેને લઈ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.
- આરોગ્યના કર્મચારીઓ તેમના પ્રશ્નો અંગે ૯મી ડિસે.ના રોજ માસ સી.એલ. પર તથા ૧૭-૧૨-૧૯થી ૨૪-૧૨-૧૯ દરમ્યાન હડતાલ પર ગયા હતા તે રજાઓ સરભર કરવાની સાથે તે દિવસોના પગાર ચુકવવાના આદેશો સરકારે કર્યા છે.
- કોરોના વાયરસને લઈ આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીમાં ખાસ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે જેનો ફોન નં. ૫૦૮૧૮ છે.
- રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અને રાજ્ય ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલની દીકરી કામિનીના લગ્નપ્રસંગે હાજરી આપી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ધન્યવાદ સાહેબ, ધાબળો ઓઢાડવા બદલ... મને નાનપણથી ઈચ્છા હતી કે કોઈ મારુ શાલ ઓઢાડીને સન્માન કરે...

# ગાંધીનગર શહેરમાં ઓનલાઈન છેતરપિંડીના બનાવોમાં વધારો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ઓનલાઈન છેતરપિંડીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે તાજેતરમાં એક વડીલના એકાઉન્ટમાંથી એક લાખ રૂપીયા જતા રહ્યા છે. ઠગબાજે વડીલને પેટીએમ કેવાયસી સસ્પેન્ડ થયો હોવાનું કહીને ગઠીયાએ બેંક એપમાં બે નંબરો એડ કરાવીને ઠગાઈ કરી છે. ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાને પગલે નાગરીકોમાં પણ ભયનો માહોલ ઉભો થયો છે.

અમદાવાદ વસ્ત્રાપુર ખાતે રહેતા રણજીત હિમ્મતલાલ જોશી (ઉં.વ.૭૦) પોતાના કામથી પોલીસ ભવન ખાતે આવ્યા હતા. આ સમયે તેઓને ટેક્સ મેસેજ આવ્યો હતો કે તેમનુ પેટીએમ કેવાયસી સસ્પેન્ડ થયું છે. જેને પગલે વડીલે આપેલા નંબર પર ફોન કરતા સામેવાળા શખ્સે બેંક એપ્લિકેશન ખોલવાનું કહ્યું હતું. વડીલે સામેવાળા શખ્સના કહેવાથી એચડીએફસી બેંકની એપ્લિકેશનના યુપીઆઈમાં બે નંબર નાંખ્યા હતા. ત્યારબાદ શખ્સે કંઈક એરર હોવાનું કહીને એચડીએફસી બેંકની એપ અન ઈસ્ટોલ કરી ઈન્સ્ટોલ કરવાનું જણાવ્યું હતું. જેથી વડીલને શંકા જતા તેમણે ટોલ ફ્રી નંબર પર ફોન કરીને એકાઉન્ટ તેમજ ડેબીટકાર્ડ સ્ટોપ કરવા માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ ગણતરીની મિનીટોમાં ચાર અલગ અલગ ટ્રાન્ઝેકશન થઈ ગયા હતા. જેમાં તેમના એકાઉન્ટમાંથી કુલ રૂ.૧લાખ ઉપડી ગયા હતા. જેથી વડીલે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# પેથાપુર પોલીસે રાંધેજા ફાટક પાસેથી વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીનગર, તા.૧

પેથાપુર પોલીસે રાંધેજા ફાટક પાસેથી ઈકો ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો, બિયર ટીન સહિત



કુલ નંગ ૧૨૪ કિં.રૂ.૧૬,૬૬૩, એક મોબાઈલ, ઈકો ગાડી મળીને કુલ રૂ. ૩,૨૧,૬૬૩નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે બે શખ્સોની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવાની જિલ્લા પોલીસ વડાની સુચના અંતર્ગત પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી. એનુરકાર, હે.કો. ભાવિનકુમાર, વિજયકુમાર, દિલિપકુમાર, પો.કો. જયેશભાઈ, ધીરેન્દ્રસિંહ અને જયપાલસિંહ સ્ટાફના માણસો સાથે રાંધેજા પોલીસ ચોકી નજીકથી એક ઈકો કાર શંકાસ્પદ હાલતમાં રૂપાલ તરફ પુરઝડપે પસાર થઈ હતી. શંકાસ્પદ ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.એલ.-૭૯૫૪ ને રેલ્વે ફાટક પાસે ચેક કરતા ગાડીના ચાલક શ્રેયસ નિતિનકુમાર જોશી (ઉં.વ.૩૦ સેકટર-૬ સી પ્લોટ નં.૧૦૯૨-૨) અને સંજયકુમાર પીથાભાઈ ભાંભોર (ઉં.વ.૨૫ રહે. સેકટર-૧૨ જીએસઆઈ કોલોની બ્લોક નં.૨-૩) ને પકડી પાડ્યા હતા. પોલીસે ઈકો ચેક કરતા તેમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ વિનાનો વિદેશી દારૂની બોટલો તેમજ બિયરના ટીન મળી નંગ કુલ ૧૨૪,કિ.રૂ.૧૬,૬૬૩ એક મોબાઈલ કિં.રૂ.૫૦૦૦, ઈકો ગાડી કિં. રૂ.૩,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૩,૨૧,૬૬૩ના મુદામાલ તેમજ બંન્ને ઈસમો સામે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માણસા રૂચિ હોસ્પિટલ ખાતે "સર્વજ્ઞાતિ હેલ્થ કાર્ડ"નું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના માણસા શહેર ખાતે ધુંઘટ પાર્ટી પ્લોટ પાસે ગ્રીન પ્લાઝા ખાતે આવેલી શ્રી ચોસઠ જોગણી શકિતપીઠ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રૂચિ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે દરેક દર્દીઓને બિલમાં ૩૦ ટકા રાહત મળે તે માટે "સર્વજ્ઞાતિ હેલ્થ કાર્ડ"નું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. આ સર્વ જ્ઞાતિ હેલ્થ કાર્ડ રાજયના દરેક વ્યકિત મેળવી શકે છે.

પ્રાપ્ત માહિતી મુજબ શ્રી ચોસઠ જોગણી શિકતપીઠ દ્વારા માણસા ખાતે રૂચિ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરનું સંચાલન કરવામાં આવે છે. આ હોસ્પિટલ નહી નફો કે નહી નુકશાનના ધોરણે આરોગ્યલક્ષી કામગીરી કરી રહી છે. તે ઉપરાંત માણસા તાલુકાના આસપાસના ગામડાઓમાં વિના મુલ્યે મેડીકલ સેવા કેમ્પ યોજવામાં આવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં કેમ્પનો લાભ લે છે. સર્વ જ્ઞાતિ હેલ્થ કાર્ડને અનુલક્ષી સમાજનો કોઈપણ બિમાર વ્યકિત લાભ લઈ શકે છે. સર્વ જ્ઞાતિ હેલ્થ કાર્ડ માણસા રૂચિ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે. તો સામાજીક સંસ્થાઓ, કાર્યકર્તાઓ, મંડળો, ભજન મંડળીઓ સહિત કોઈપણ પ્રકારના સેવા કાર્યમાં જોડાયેલા વ્યકિત આ ફોર્મ મેળવીને સમાજના ભાઈ બહેનોને મદદરૂપ થઈ શકે છે તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયેન્દ્રભાઈ પ્રજાપતિ અને કુલદિપ.જે.પ્રજાપતિએ જણાવ્યું છે.

# રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૨૯ વિદેશી રોટેરિયનને અક્ષરધામની મુલાકાત કરાવી

ગાંધીનગર, તા. ૧

ભારતીય મુલ્યો, વિરાસત અને સંસ્કૃતિને જાણે એ હેતુથી ગાંધીનગર ખાતે પધારેલ ૨૯ વિદેશી રોટેરિયન જેમાં ઈનક્રેડીબલ ઈન્ડિયા-૨૦૨૦ અંતર્ગત ૯ રોટરી ઈન્ટરનેશનલના સભ્યો અને ૨૦ યુથ કેમ્પના યુવાનોનું રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સુતરની આંટી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા તમામ વિદેશી મહેમાનો માટે ખાસ આયોજન કરી અક્ષરધામ મંદિરની મુલાકાત કરાવવામાં આવી હતી.




ગુજરાત સરકાર

# કાર્યક્ષમ નીતિ, સક્ષમ સરકાર ઉદ્યોગક્ષેત્રે અડીખમ ગુજરાત

## ગુજરાત સરકારનો નીતિઓ આધારિત અભિગમ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં થાય છે પ્રતિબિંબિત

- ગુજરાત કેમિકલ પેટ્રોકેમિકલ્સ, ડેરી, ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ, સિમેન્ટ અને સીરામીક, જેમ્સ અને જ્વેલરી, ટેક્ષટાઈલ તેમજ એન્જિનિઅરીગ જેવા ઉદ્યોગોમાં દેશમાં અગ્રેસર છે.
- ઔદ્યોગિક વિકાસમાં તેજગતીના કારણે ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં બે આંકડાનો વિકાસદર હાંસલ કર્યો છે અને આ વર્ષ વિકાસદર ૯.૫ % રહે તેવો અંદાજ છે.
- માનનીય મુખ્યમંત્રીના નેતૃત્વમાં ઉદ્યોગક્ષેત્રેની સમસ્યાઓના સમાધાન માટે ઉચ્ચસ્તરીય સમિતિનું ગઠન કરાયું છે.
- ગુજરાત બેસ્ટ એન્ડ સ્ટેબલ ઈકોનોમી સ્ટેટનો દરજ્જો ધરાવતું રાજ્ય બન્યું છે.
- ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશમાં મોખરે છે.
- ગુજરાત ઐદ્યોગિક ઉત્પાદનમાં દેશમાં પ્રથમ છે.

### ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ–FDI

ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સૌથી પસંદગીનું સ્થળ–૨૦૧૯માં ગુજરાતે બમણી FDI મેળવી ગુજરાતમાં એપ્રિલ–૨૦૦૦ થી સપ્ટેમ્બર–૨૦૧૯ના સમય ગાળામાં કુલ રૂ ૧.૪૧ લાખ કરોડનું મુડી રોકાણ થયું જે ભારતમાં સર્વાધીક છે.

- વર્ષ ૨૦૧૮-૧૯માં મેળવેલી રૂ.૧૨,૬૧૮ કરોડની FDIની સરખામણીમાં ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ છ મહિનામાં જ રૂ. ૨૪,૦૧૨ કરોડની FDI મેળવી, જે નિર્ણાયક શાસનમાં રોકાણકારોનો વિશ્વાસ દર્શાવે છે. પારદર્શક્તા, ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ, ઓનલાઈન મંજૂરીઓ, ઉદ્યોગો માટે મૈત્રીપૂર્ણ અભિગમ વગેરે મહત્વનાં પરિબળો છે જેને કારણે ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સર્વશ્રેષ્ઠ પસંદગીનું સ્થળ બન્યું છે.

### સ્ટાર્ટ–અપ્સ

દેશ દ્વારા સહયોગ કરાયેલા ૧૫૦ સ્ટાર્ટ–અપ્સમાં ૪૩% હિસ્સા સાથે ગુજરાત ભારતમાં સ્ટાર્ટ–અપ્સ ક્ષેત્રે નંબર –૧

- ગુજરાત અનેક સ્ટાર્ટ-અપ્સને આકર્ષી રહ્યું છે અને ઓલ ઈન્ડિયા સ્ટાર્ટ-અપ્સના ૪૩% હિસ્સા સાથે રાષ્ટ્રમાં મોખરે છે. સ્ટાર્ટ-અપ ફ્રેમવર્કના ૭ સ્તંભોમાં ૧૦૦ પર્સેન્ટાઈલ સ્કોર સાથે ગુજરાતે ૨૭ રાજ્યોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.
- આટલી મોટી સંખ્યામાં સ્ટાર્ટ-અપ્સ રાજ્યમાં રોજગારીની તકો સર્જવામાં પણ મદદરૂપ બની રહ્યા છે.

### સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)

એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં ૮૧% હિસ્સા સાથે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય

- ગુજરાતની ઔદ્યોગિક નીતિમાં MSME મોખરે છે. સસ્તા દરે સૌરઊર્જા, લોનમાં સહાય, શેરમાર્કેટ દ્વારા મૂડી વધારવામાં સહાય વગેરે સરકાર દ્વારા આપવામાં આવતી મુખ્ય સહાય છે.
- MSME માટે 'પહેલા ઉત્પાદન પછી મંજૂરી'ની નીતિનું ઉદ્યોગોએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે.
- છેલ્લાં ૩ વર્ષોમાં રાજ્યમાં રૂ. ૮૫,૦૦૦ કરોડના રોકાણો સાથે ૪,૮૩,૩૬૬ MSMEs ની સ્થાપના કરવામાં આવી છે.
- MSME ઉદ્યોગોને જરૂરી સહાય પૂરી પાડવા માટે અલગથી MSME કમિશ્નરેટની સ્થાપના ઉપરાંત ૧૧ ડિસ્ટ્રિક્ટ ઇન્ડસ્ટ્રીઝ સેન્ટર્સમાં MSME ફેસિલિટેશન ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે.

### મોટા ઉદ્યોગો

સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન મળવાને કારણે છેલ્લાં ૩ વર્ષોમાં રાજ્યમાં ૪,૮૩,૩૬૬ MSMEs યુનિટની સ્થાપના કરવામાં આવી છે.

- વર્તમાન કેલેન્ડર ૨૦૧૯-૨૦ દરમિયાન ઓક્ટોબર સુધી દાખલ કરાયેલા ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (ભાગ-B)ના મૂલ્યની દ્રષ્ટિએ ગુજરાત ૫૧% જેટલો બહોળો હિસ્સો ધરાવે છે
- સમગ્ર દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ફાઈલ કરવામાં આવેલ કુલ ૨૫૭૪ IEMs (ભાગ-B) પ્રોજેક્ટ્સમાંથી ૭૩૪ (૨૮.૫%) પ્રોજેક્ટ્સ ગુજરાતના હિસ્સે આવ્યા છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં 30% IEMs (ભાગ-A) સહિત ગુજરાત રોકાણ માટેના પસંદગીના સ્થળ તરીકે અગ્રેસર રહ્યું છે. છેલ્લા ૩ વર્ષ દરમિયાન સમગ્ર દેશના રૂ ૫.૭૪ લાખ કરોડના મૂલ્યના કુલ પ્રોજેક્ટ્સમાંથી રૂ. ૧.૦૯ લાખ કરોડના ઈન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- અગાઉની ૩ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUs માંથી ૬૬% પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક હકીકતમાં પરિણમ્યા છે અને ૪% MoUs અમલમાં મૂકવાની પ્રક્રિયા હેઠળ છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUs માંથી ૨૩% MoUs ક્યારના શરૂ થઈ ચુક્યા છે અને ૨૫% પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે.

### એક્સપોર્ટ્સ (નિકાસ)

ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પરિણામે IEMs (ભાગ–B) ના ૫૧% હિસ્સા સાથે ગુજરાતમાં વિશાળ પાયાના ઉદ્યોગોનો વિસ્તાર થઈ રહ્યો છે.

- નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની કુલ નિકાસોમાં ગુજરાતનો હિસ્સો ૨૦.૪% છે.
- ૨૦૧૭-૧૮માં રાજ્યની કુલ નિકાસ ૬૬,૮૧૮ મિલિયન USD હતી અને ૨૦૧૮-૨૦૧૯માં ૬૭,૪૦૯ મિલિયન USD હતી



નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

"ગુજરાતમાં રોકાણો અને ઉદ્યોગોના વિકાસ માટે અનુકૂળ વાતાવરણનું સર્જન કરવામાં રાજ્ય સરકાર સફળ રહી છે."

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.